ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# શહેરમાં એક અને જિલ્લામાં વધુ ૨ કેસ

## શહેરમાં અત્યાર સુધીમાં ૨૦ કેસ તો ગ્રામ્ય વિસ્તારમાં ૧૮ કેસ નોંધાયા છે : કુલ કેસ ૩૮

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના વધુ ૩ કેસ આજે સામે આવ્યા છે. બે મહિલા દર્દી છે અને એક પુરૂષ દર્દી આ સાથે જિલ્લામાં કોરોનાના દર્દીઓની સંખ્યા વધીને ૩૮ થવા જાય છે.

મળતી વિગતો પ્રમાણે રાંધેજા ગામની એક મહિલાને આજે કોરોના પોઝીટીવ જણાયેલ છે. આ મહિલા એ રાંધેજા ગામમાં વિકાસ પામેલ એક સોસાયટીમાં રહે છે અને તેના પતિ પોલીસ કોન્સ્ટેબલ નોકરી કરે છે. આ મહિલાને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

ચાર મહિના પૂર્વે જ આ પરિવાર રાંધેજા ખાતે રહેવા આવ્યો હોવાનું પણ જાણવા મળેલ છે. રાંધેજા ગામમાંથી આ ત્રીજો કેસ બહાર આવતાં તંત્ર દ્વારા કરાતા સર્વેલન્સની વાતો વચ્ચે આ કેસ બહાર આવતાં ગ્રામ્ય વિસ્તારમાં સન્નાટો છવાઈ જવા પામ્યો છે.

બીજી તરફ કલોલ શહેરની એક ૬૩ વર્ષીય મહિલાને કોરોના પોઝીટીવ જણાતાં તેણીનીને સારવાર માટે એસવીપી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

મળતી વિગતો પ્રમાણે આ મહિલાના પરિવાર અને સંપર્ક દરાવતી ૧૧ વ્યક્તીઓનો ક્વોરોન્ટાઈન કરવામાં આવેલ છે.

આ મહિલા શ્વાસ અને કેન્સર જેવી બિમારીથી પણ પિડીત હોવાનું જાણવા મળેલ છે. તેણે સારવાર અર્થે ગાંધીનગર સિવિલ કલોલ અર્બન હેલ્થ સેન્ટરની પણ મુલાકાત લીધી હોવાનું જાણવા મળેલ છે.

આ ઉપરાંત ગાંધીનગર શહેરમાં સેક્ટર-૩-ન્યુમાં રહેતા એક તબીબને કોરોના પોઝીટીવ આવ્યો છે.

મળતી વિગતો પ્રમાણે આ તબીબ અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનમાં ફરજો બજાવે છે અને તેમને નિકોલના ફેસીલીટી ક્વોરોન્ટાઈન સેન્ટરમાં નિમણુંક આપવામાં આવેલ હતી.

તંત્ર દ્વારા આ તબીબના ઘરને સેનીટાઈઝર કરવા ઉપરાંત આસપાસના વિસ્તારમાં સઘન સર્વેલન્સ હાથ ધરવામાં આવેલ છે. આ વિસ્તારને પણ કલસ્ટર કન્ટેનમેન્ટ કરવાની કાર્યવાહી હાથ ધરાઈ હોવાનું જાણવા મળેલ છે.

સે. ૩ માંથી આ પાંચમો કેસ કોરોનાનો સામે આવતાં તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે.

### આજના પોઝીટીવ દર્દીઓની વિગતો

| ક્રમ | જાતિ | ઉંમર | રહેઠાણ વિસ્તાર |
|---|---|---|---|
| ૧ | મહિલા | ૩૦ | રાંધેજા |
| ૨ | મહિલા | ૬૩ | કલોલ શહેર |
| ૩ | પુરુષ | ૪૩ | સેક્ટર-૩એ/ન્યુ |

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૧૮ કેસ નોંધાયા છે જેમાં ૧૧ દર્દીઓ હાલ સારવાર હેઠળ છે. ૬ દર્દીઓ સંપૂર્ણ સાજા થતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે જ્યારે ૧ મહિલા દર્દીનું મૃત્યુ થયુ છે.

ગાંધીનગર શહેરમાં પણ અત્યાર સુધી ૨૦ કેસ નોંધાયા છે. જેમાં ૯ દર્દી સારવાર હેઠળ છે જ્યારે એક દર્દીનું સારવાર દરમ્યાન મોત થયુ હતુ. દસ દર્દી સંપૂર્ણ સાજા થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવેલ છે.



કોરોનાના વધતા સંક્રમણ સામે જનજાગૃતિ માટે શહેરમાં યોજાયેલી પોલીસની ફ્લેગ માર્ચ...

## ગાંધીનગરને અમદાવાદ બનતું અટકાવવા મુખ્યમંત્રીશ્રીને સંવેદનશીલ પત્ર

**આદરણીય મુખ્યમંત્રીશ્રી**

**સાદર નમસ્કાર**

કોરોના સામેના જંગમાં ગુજરાત સરકાર અને ગુજરાતની પ્રજા ખુમારી અને ખમીરીથી લડી રહી છે એ સર્વ વિદિત છે. છેલ્લા ૪૦ દિવસથી આપણે સૌ સતત કોરોનાની ચિંતામાં વ્યસ્ત અને વ્યગ્ર છીએ. ગુજરાતના પરીપ્રેક્ષ્યમાં વાત કરીએ તો ગુજરાતના કુલ કેસોમાંથી ૬૦ ટકા પોઝીટીવ કેસ અમદાવાદના છે. કયા કારણથી કેસ વધ્યા ? કેમ વધ્યા ? એ તમામ પ્રશ્નોની ચર્ચા વખતોવખત થઈ છે એટલે પુનરાવર્તીત નથી કરવી પરંતુ છેલ્લા ૨૦ દિવસથી અમદાવાદમાં કોરોનાનો આતંક વધતો જ રહ્યો છે, ત્યારે ગાંધીનગરને કોરોનાથી કેવી રીતે બચાવવુ જોઈએ એની વાત નમ્રતાપૂર્વક કરવી છે.

ગાંધીનગરને બીજુ અમદાવાદ બનતું અટકાવવું હોય તો શહેરના તમામ પ્રવેશ દ્વારો બંધ કરવા જોઈએ. હા..! એ વાત સાચી છે કે ગાંધીનગર અને અમદાવાદ વચ્ચે વેપાર વ્યવહાર સહિત અનેક પ્રકારની અવરજવર અનિવાર્ય છે પરંતુ છેલ્લા ચાર દિવસમાં ગાંધીનગરમાં કોરોના કેસ ડબલ થઈ ગયા. ૩૬ દિવસમાં ૧૮ કેસ હતા અને ૨૩ મીથી ૨૮ મી ચાર દિવસમાં ૩૬ કેસ થયા. આ તમામ કેસ અમદાવાદ સંલગ્ન જ છે. ગાંધીનગરમાં દર ૧૦ ઘરે ૨ વી.આઈ.પી. રહે છે એ સાચી વાત છે. અધિકારીઓ અને રાજકીય આગેવાનોની વગની બોલબાલા છે. કલેક્ટર અને કમિશ્નર ઉપર દર દસ મિનિટે દબાણ લાવવાની ક્ષમતાવાળા સેંકડો અધિકારીઓ અને આગેવાનો રહે છે એટલે એમની પણ મર્યાદા હોઈ શકે. આપને ખબર જ હશે કે તાજેતરમાં એક ઉચ્ચ અધિકારી સુરત માટે પરવાનગી લઈ સરકારી ગાડીમાં મુંબઈ પહોંચ્યા અને તેમના ૨ સંતાનોને હેમખેમ લઈ આવ્યા. લાવ્યા એમાં વાંધો હોઈ શકે જ નહિ, પરંતુ એમને હોમ કોરોન્ટાઈન કરવા જોઈએ. એમના આરોગ્યની તપાસ કરવી જોઈએ એ તો જરૂરી જ છે ને..?! બસ આમ જ રોજ પદ અને પ્રતિષ્ઠાના શસ્ત્રના માધ્યમથી પરવાનગીઓ નીકળે છે અને અમદાવાદથી સંક્રમિત નાગરીકો ગાંધીનગર પહોંચે છે. આ તાત્કાલિક બંધ થવું જોઈએ એ જ ગાંધીનગરના હિતમાં છે અને કદાચિત અનિવાર્ય સંજોગોમાં અમદાવાદથી સગાવહાલાઓને લાવવા જ પડે તેમ હોય તો તેમને કોરોન્ટાઈન કરવા ઈન્ફોસીટી, ગીફ્ટસીટી કે પ્રેક્ષાભારતી કે અન્ય હોટલોમાં વ્યવસ્થા થવી જોઈએ. જેથી શહેરના જનજીવનમાં સંક્રમિત થવાનો ભય ઓછો રહે. અમદાવાદથી ગાંધીનગર સરકારી કે બિનસરકારી નોકરી અર્થે આવતા કર્મચારીઓની આરોગ્ય ચકાસણી સંપૂર્ણરીતે થવી જોઈએ. અને આવશ્યક સેવાઓ સાથે જોડાયેલા કોરોના વોરીયર્સ કે જેઓ અમદાવાદ ફરજ બજાવે છે તેમની વ્યવસ્થા પણ ગીફ્ટસીટી જેવા અદ્યતન સંકુલોમાં થાય તો શહેરમાં સંક્રમણનો ભય રહે જ નહિ.

સાહેબ..! આ મારી એકલાની વાત નથી. ગાંધીનગરમાં ઘેરઘેર ચર્ચાતી વાત છે. છેલ્લા ચાર દિવસમાં જે સ્થિતિ સર્જાઈ છે તે કદાચ આગામી ચાર દિવસમાં વણસે નહિ અને કોરોનાનો સકંજો ગાંધીનગરને લપેટમાં ના લે નહિ તો રાજ્યનું આ પાટનગર સરકારી કામગીરી માટે અસહાય બની જશે. આ તો 'પાણી પહેલા પાળ બાંધવા'ની વાત એક શુભચિંતક તરીકે આપને કરી છે. બસ આપને ગાંધીનગરમાં અમદાવાદનું પુનરાવર્તન ન થાય તે માટે આવશ્યક પગલા તાકીદે લેવા નમ્ર અરજ છે.

**આપનો**

**ગાંધીનગરનો જાગૃત નાગરીક**

## અમદાવાદથી ગાંધીનગરની પ્રવેશ બંધી અટકાવવા વિપક્ષી નેતાની માંગ

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર શહેરમાં અમદાવાદથી થતી આવન જાવનને પ્રતિબંધિત કરવામાં આવે તેવી સ્પષ્ટ માંગ મનપા વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ કરી છે.

મ્યુનિ. કમિશનરને લખેલા એક પત્રમાં શહેરના વિવિધ સેકટરોમાં જે કેસો નીકળ્યા છે તેમાં અમદાવાદની મુસાફરીની હિસ્ટ્રી સામે આવી રહી છે. તંત્ર દ્વારા જે પગલાં લેવાવા જોઈએ તેવા પગલાં લેવાયા નથી. એન્ટ્રી પોંઈટ પર જે કડકાઈ દાખવવી જોઈએ તે પણ દાખવવામાં આવતી નથી. ખાસ કરીને સવારના અને મોડી સાંજના સમયે કડકાઈ દાખવવામાં આવે તે પણ જરુરી છે. આ પત્રમાં વિપક્ષી નેતાએ જણાવ્યું છે કે શહેરમાં વધેલા કેસો એ પણ દર્શાવે છે કે તંત્ર દ્વારા જે પ્રો. એકટીવ પગલાં લેવા જોઈએ તે પગલાં લેવામાં પણ ઉદાસીનતા દાખવી છે. પરિણામે શહેરના નગરજનો જે રીતે લોકડાઉનની સરકારની સૂચનાઓનું પાલન કરે છે તેમને સજા ભોગવવાનો વારો આવ્યો છે. વિપક્ષી નેતાએ જણાવ્યું છે કે તંત્ર ઉદાસીનતા છોડે અને અમદાવાદથી થતી પ્રવેશબંધીને અસરકારક બનાવે તો નગરને અમદાવાદ જેવી સ્થિતિ થતી અટકાવી શકાશે. તેમણે તંત્ર દ્વારા સર્વેલન્સ તેમજ સેલ્ફ ડેકલેરેશનના કિસ્સામાં યોગ્ય અને કડક રીતે કામગીરી કરવામાં આવે તેવી પણ માંગ કરી છે.

## ગાંધીનગરમાં આગ ઓકતી ગરમી મહત્તમ તાપમાન ૪૩ ડીગ્રીએ પહોંચ્યુ

**એક જ દિવસમાં ગરમીનો પારો દોઢ ડીગ્રી ઉપર આવ્યો : લઘુત્તમ તાપમાન પણ ત્રણ ડીગ્રી ઉપર આવ્યુ અલબત્ત ઢળતી સાંજ બાદ રાત્રિના પણ ગરમીનો અહેસાસ : લોકડાઉન વચ્ચે ઘરમાં પુરાયેલા નાગરિકોને દિવસે રાહત રાત્રિના સમયે મુંઝવણ**

ગાંધીનગર તા ૨૯

ગાંધીનગરમાં વધતા કોરોનાના સંક્રમણ વચ્ચે ગરમીએ પણ હદ વટાવી છે. આજે ગરમીનો પારો ૪૩ ડીગ્રી પહોંચી જતા આકાશમાંથી આગ વરસી હતી. આકરી ગરમીના લીધે બપોરના સમયે નાગરિકો ઘરની બહાર નિકળ્યા ન હતા. આમ પણ લોકડાઉનની સ્થિતિ છે ત્યારે નગરજનોએ અત્યંત જરૂરી કામ સિવાય ઘરની બહાર જવાનુ ટાળ્યુ હતુ. ગરમીના લીધે નગરમાં ખુલ્લામાં રહેતા શ્રમિકોની હાલત અત્યંત કફોડી બની છે. કોરોના કહેર વચ્ચે આકાશમાંથી વરસતી ગરમી પણ આમ નાગરિકો માટે મુસીબતરૂપ બની છે. આક્રમક ગરમીના લીધે બપોરના સમયે આમ પણ ઘરની બહાર જવાનુ મુશ્કેલ બન્યુ છે. ગરમીનો પારો આજે દોઢ ડીગ્રી ઉપર આવ્યો હતો. છેલ્લા બે દિવસમાં મહત્તમ તાપમાનમાં બે ડીગ્રીનો વધારો થયો છે.

ગાંધીનગરમાં ગરમીનો પારો છેલ્લા ૨૦ દિવસથી ઉપર રહે છે. અલબત્ત ગત તા ૧૧ એપ્રિલથી સતત ગરમીમાં વધારો થઈ રહ્યો છે. ગત દિવસોમાં હળવા વાતાવરણ પલ્ટાના લીધે મહત્તમ તાપમાન ૪૧ ડીગ્રીથી ૩૯ સુધી પહોંચી ગયુ હતુ. પરંતુ ગરમીમાં બે દિવસની રાહત બાદ તુરંત જ મહત્તમ તાપમાન ઉંચકાતા ગરમી ૪૦ ડીગ્રીને પાર પહોંચી ગઈ હતી. જયારે છેલ્લા ત્રણ ચાર દિવસથી પણ ગરમીનો મિજાજ આકરો બન્યો છે. રોજ એક ડીગ્રીના વધારા સાથે ગરમીનો પ્રકોપ વધી રહ્યો છે. આજે પણ ગરમીનો પારો દોઢ ડીગ્રી ઉંચકાયો હતો. ગઈકાલે મહત્તમ તાપમાન ૪૧.૫ ડીગ્રી રહ્યુ હતુ. જયારે આજે ગરમી ૪૩ ડિગ્રીએ પહોંચી હતી. જેના લીધે નગરજનોએ સવારથી જ વાતાવરણમાં આકરી ગરમીનો અહેસાસ કર્યો હતો. આ ઉપરાંત મહત્તમની સાથે લઘુત્તમ તાપમાનમાં પણ ત્રણ ડીગ્રીનો વધારો નોંધાયો હતો. લઘુત્તમ તાપમાન પણ ૨૯ ડીગ્રી રહ્યુ હતુ. જેના લીધે ઢળતી સાંજ બાદ પણ વાતાવરણમાં ગરમીનુ જોર રહ્યુ હતુ. આકરી ગરમીમાં લોકડાઉન વચ્ચે ઘરમાં પુરાયેલા નાગરિકોને અકળામણ થઈ રહી છે. એકબાજુ કોરોના વાયરસની મહામારી પણ નાગરિકો માટે ચિંતાનો વિષય બનતી જાય છે. ત્યારે બીજીતરફ ગરમી પ્રકોપના લીધે પણ જનજીવન પ્રભાવિત છે. આકરી ગરમીમાં ખુલ્લામાં રહેતા શ્રમિકોની હાલત કફોડી બની છે. મહત્તમ લઘુત્તમ તાપમાનમાં માત્ર એક જ દિવસમાં ૨ થી ત્રણ ડીગ્રીનો તફાવત જોવા મળી રહ્યો છે. જયારે ભેજનુ પ્રમાણ પણ નોંધપાત્ર ઘટયુ છે. ગરમીની મોસમ હવે વધુ અસહ્ય બની છે.

## શાકભાજી ભરીને રિક્ષાઓ દ્વારા ગામડામાં પ્રવેશતા લોકો સામે પગલાં લો : પંચાયત પ્રમુખ

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી મંગીબેન શ. પટેલે જિલ્લા કલેકટરશ્રીને એક પત્ર લખી અમદાવાદ શહેરથી તેમજ અન્ય જિલ્લાઓમાંથી રિક્ષાઓમાં શાક ભરી ધંધાર્થે આવતા અજાણ્યા લોકો ગ્રામીણ વિસ્તારમાં બેરોકટોક ફરી રહ્યા હોવાથી આવા લોકોને અટકાવવા પગલાં લેવા માંગ કરી છે.


આજે જિલ્લા કલેકટરને લખેલા પત્રમાં પ્રમુખશ્રીએ જણાવ્યું છે કે આવા લોકો ખાસ કરીને નરોડાથી ચિલોડા હિંમતનગર રોડ, ઈન્દિરા બ્રીજથી ગાંધીનગર તેમજ ઈન્દિરા બ્રીજથી અડાલજ કલોલ સુધીના ગ્રામ્ય માર્ગો પર અવર જવર કરી રહ્યા છે.

ગ્રામ્ય વિસ્તારમાં કોરોના વાયરસ પ્રવેસ કરશે તો અમદાવાદ કરતાં પણ વધારે ખરાબ પરિસ્થિતિ ઉભી ન થાય તે માટે આપની કક્ષાએથી ત્વરિત પગલાં લેવામાં આવે તેવી અમારી માંગ છે. આ રીતે પ્રવેશ કરીને ધંધો કરનારાઓ સામે પગલાં લેવાની સાથે સાથે તેમના વાહનો પણ ડિટેઈન કરવામાં આવે તે જરુરી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અન અધિકૃત પ્રવેશ અને અવર જવર કરનારાઓ સામે ગઈકાલે લાલ આંખ કરવાની તંત્રની ઘોષણા પછી આજે પ્રમુખે તો આવા અનઅધિકૃત લોકો જે માર્ગે પ્રવેશ કરી રહ્યા છે અને ધંધો કરી રહ્યા છે તે દર્શાવતા જિલ્લાભરમાં ચર્ચાનો મુદ્દો બન્યો છે. આવા તત્વો સામે તાકીદે પગલાં લેવામાં આવે તેવી માંગ પણ લોકોમાં ઉઠવા પામી છે.

## જેને કંઈ શીખવું હોય તેને લોકડાઉન પણ નડતું નથી..!

## વિદ્યાર્થીઓ હવે ઘરે બેઠાં નિષ્ણાંત શિક્ષકો દ્વારા ઓનલાઈન એજ્યુકેશન મેળવી શકશે






કોરોનાની મહામારીના કારણે લોકડાઉનનો કપરો કાળ ચાલી રહ્યો છે અને આગામી તા. ૩ મે પછી લોકડાઉન લંબાય તેવી શક્યતાઓ હાલના પોઝીટીવ આંકડા જોઈને લાગી રહ્યું છે. ત્યારે ઘરે બેઠા પણ વિદ્યાર્થીઓ પોતાની કારકિર્દીની તૈયારી કરી શકે તે માટે કિશોર ઈન્સ્ટીટ્યુટે ઓનલાઈન એજ્યુકેશન ટેકનોલોજીની મદદથી ખાસ આયોજન કર્યુ છે.

આ અંગે ઈન્સ્ટીટ્યુટના કિશોરસિંહ રાજપૂતે કહ્યું હતું કે કોરોના વાયરસ ન ફેલાય તે માટે લોકડાઉન અને સોશિયલ ડીસ્ટસીંગ સહિત સરકારની તમામ ગાઈડલાઈનનું દરેકે પાલન કરવું જોઈએ. આવી કપરી સ્થિતિમાં પણ જેને કંઈ શીખવાની ખેવના છે તેને લોકડાઉનનો પડકાર પણ નડતો નથી. વાલી અને વિદ્યાર્થીઓની માંગણીને ધ્યાનમાં રાખી ટેકનોલોજીના યુગમાં વિદ્યાર્થી ઘરે બેઠા શ્રેષ્ઠ શિક્ષણ મેળવી શકે તે માટે કિશોર ઈન્સ્ટીટ્યુટે ખાસ પ્રોગ્રામ તૈયાર કર્યો છે. ઈન્સ્ટીટ્યુટ પાસે નિષ્ણાંત શિક્ષકો તો છે જ સાથે સાથે અભ્યાસું ટેકનિકલ સ્ટાફની ટીમ પણ ખડે પગે છે.

આગામી મે માસથી ધોરણ-૧૧ વિજ્ઞાનપ્રવાહના વિદ્યાર્થીઓનું જ્યારે ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ માટે ૫ મે થી ઓનલાઈન એજ્યુકેશન કિશોર ઈન્સ્ટીટ્યુટ શરૂ કરશે. ઘરે બેઠા વિદ્યાર્થીઓને આ નિષ્ણાંત શિક્ષકોની લીંક મેળવવી હોય તો તે તેમનું ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવી શકશે. હાલ આ રજીસ્ટ્રેશન પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે.

એડમિશન ફોર્મની લીંક ફેસબુક, ઈન્સ્ટાગ્રામમાં કિશોર ઈન્સ્ટીટ્યુટના પેજ પર છે. તમે ૭૦૬૯૮૮૬૦૦૨ પર કોલ કે વોટ્સએપ મેસેજ કરીને પણ લીંક મંગાવી શકો છો.

આ નંબર ઉપર કોલ કરી રજીસ્ટ્રેશન કરાવવું અને તમારા નંબર ઉપર દરરોજના લેકચર્સની લીંક મળી જશે. ઉપરાંત કિશોરસિંહ રાજપૂતે દરેક વિદ્યાર્થી-વાલીને ઘરમાં રહી સુરક્ષિત રહેવાની પણ વિનંતી કરી હતી.

**ધો. ૧૦ અને ૧૧ વિજ્ઞાન પ્રવાહનું ઓનલાઈન એજ્યુકેશન મે માસથી પ્રારંભ થશે : કિશોર ઈન્સ્ટીટ્યુટે રજીસ્ટ્રેશન શરૂ કર્યુ**

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com